# તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં ગ્રામીણ આદિવાસી સમાજ પર કોવિડ-19ની આર્થિક અસરો.

ડૉ. શ્રીધર નિમાવત,
આસિસ્ટન્ટ પ્રોફેસર,
મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી – સુરત.

પરેશ સાળવે,
ઈનચાર્જ આચાર્ય, એસ.એસ. માહલા કોલેજ - કુકડનખી
(સંલગ્ન : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સુરત)

## સારાંશ:

'કોવિડ-19' એ વર્તમાન સમયમાં માનવજાત સામે કેટલાક નવા પ્રશ્નો, જોખમો તથા પડકારો ઉભા કર્યા હતા. તેની અનેક ક્ષેત્રો પર નકારાત્મક તથા પડકારરૂપ અસર થઇ હતી. અર્થતંત્ર, ઉદ્યોગો, વેપાર, રોજગારી, શ્રમિકો, કૃષિ-પશુપાલન, આયાત, નિકાસ, કૃષિ ઉદ્યોગો, આંતરમળખું,પ્રવાસન ઉદ્યોગ, શિક્ષણ, ઉડ્ડયન વ્યવસાય વગેરે પર તેની ભારે નકારાત્મક અસર થઇ ચૂકી છે. કોરોનાવાયરસ એક જટિલ પ્રકારનો વાયરસ છે જેણે લાખો લોકોના જીવનનો ભોગ લીધો છે. લોકડાઉન, હોમ આઇસોલેશન, સામાજિક અંતર જેવા નિયંત્રણોની લોકો પર માનસિક અસર પણ થઈ છે. કેટલાક લોકોએ તેમના પરિવારના સભ્યોને ગુમાવ્યા હોય ત્યારે તેઓ માનસિક દબાણ ધરાવતા, નિરાશ બની ગયા હતા. મૃત્યુનો ડર, એકાંત, માનવ સંબંધોની અટકાયત જેવી બાબતો એ લોકોને અત્યંત ચિંતિત કરી નાખ્યા હતા.

કોવિડ-19 ની અસરોને કારણે અર્થતંત્રની કમર તૂટી ગઈ. કોવિડ-19 ની ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં આર્થિક અને સામાજીક અસરો નોંધપાત્ર રહી. તેમાં પણ ગ્રામીણક્ષેત્ર અને આદિવાસી વિસ્તારોમાં પણ તેની ગંભીર અસરો દેખાઇ હતી.

આ અસરોને જાણવા ગુજરાત રાજ્યના આદિવાસી બહુલ વસ્તિ ધરાવતા તાપી જિલ્લાના સોનગઢ તાલુકના સંદર્ભમાં સર્વેક્ષણાત્મક પદ્ધતિ દ્વારા પ્રસ્તુત આભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.



## ચાવીરૂપ શબ્દો :

મહામારી, કોવીડ-19, લોકડાઉન, કર્ફ્યુ, સામાજીક અંતર, તાપી, સોનગઢ, વંચિત સમુદાય, ગ્રામીણ સમાજ, આદિવાસી, આર્થિક, બેરોજગારી, આવક, દેવું, સ્થળાંતર.


## પરિચય :

વિશ્વના બધા દેશોમાં કોરોના વાયરસ ફેલાયો હતો. અમેરિકા, યુરોપ, ચીન, કોરિયા, ઈટાલી, બ્રાઝિલ જેવા દેશોમાં પણ લાખો મૃત્યુ થયા. વિકસિત દેશોએ પણ ઘણું નુકસાન સહન કરવું પડ્યું. કેટલાક વિકસિત દેશોના લોકો WHO દ્વારા સૂચિત નિયંત્રણોને અનુસરવા સંમત ન હતા. અર્થતંત્ર પર થતા નુકસાનને ખાળવા તેઓ આ પ્રોટોકોલ પાળવાનો ઇનકાર કરતા હતા. સદભાગ્યે ભારત જેવા આત્મનિર્ભર દેશે કેટલાક મૌલિક નિર્ણયો લીધા. લોકડાઉન કરવું તો પડ્યું, પરંતુ તેમાં કેટલીક છૂટછાટનો ધીમે ધીમે સ્વીકાર કરવામાં આવ્યો. રસીકરણ દ્વારા લોકોને બચાવવાનો પ્રયાસ બહુ જ મહત્વનો હતો.

ખ્યાલાત્મક અને સૈદ્ધાંતિક રીતે જોઇએ તો "Vulnerability" એટલે કે અસુરક્ષિતતા, સંવેદનશીલતા, નબળાપણું; કે જે એવા માનવ સમુદાયના અર્થમાં ઉપયોગમાં લેવાતો પારિભાષિક શબ્દ છે જે જુદી જુદી પરિસ્થિતિઓમાં ગંભીર રીતે નુકશાનકારક અસરોનો ભોગ બનવાની લાક્ષણિકતા ધરાવતા હોય છે. "Vulnerability" ના સિદ્ધાંત મુજબ તેના પરિબળો ઉંમર આધારિત, દૈહિક કે જૈવિક, ભૌતિક, આર્થિક, સામાજિક, રાજકીય અને પર્યાવરણીય બાબતો સાથે સંકળાયેલા હોય છે (Brooks, 2003; Furukawa & Ohta, 2009; Westen, 2018).

નોબેલ પરિતોષિત પ્રોફેસર અમર્ત્ય સેનના માનવ વિકાસના ખ્યાલ અને તેના આંકમાં મહત્વનું યોગદાન આપવા સાથે જ "વિકાસ માટે સ્વતંત્રતા" નામના પુસ્તકમાં દર્શાવેલ "ક્ષમતા અભિગમ" અને "અધિકારીતાથી સશક્તિકરણ" ના સૈદ્ધાંતિક ખ્યાલો મુજબ મનુષ્યની આસપાસની પરિસ્થિતિઓ પર તેની અધિકારિતા તેના વિકાસ માટે નિયંત્રણો કે સ્વતંત્રતાઓ પૂરી પાડે છે. સુવિધાઓ ઉપલબ્ધ હોય પણ જો તેને પ્રાપ્ત કરવા માટે ક્ષમતા ના હોય તો તે પરિસ્થિતિને વશ થઈ તેનો ભોગ બનવા સિવાય કોઈ ઉપાય રહેતો નથી.(Sen, 1999)

કુદરતી આફતો, આર્થિક મંદી, મહામારી કે પછી એવી વૈશ્વિક-રાષ્ટ્રીય દુર્ઘટનાઓની એવી કોઈ ઊંડી અસર સામાન્ય રીતે સક્ષમોને પ્રમાણમાં ખૂબ જ ઓછી થતી હોય છે, જ્યારે તેમના કરતાં વધુ માધ્યમ વર્ગને અને સૌથી વધુ ઘેરી અસરો નબળાં વર્ગને જ થતી હોય છે.

પ્રસ્તુત સંશોધન પત્રમાં "તાપી જિલ્લાના ગ્રામીણ આદિવાસીઓ પર કોવિડ-19ની આર્થિક અસરો" અંગેનો સંશોધન અભ્યાસ અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

## ❖ સંશોધનના હેતુઓ :

- સોનગઢ તાલુકાના ગ્રામીણ આદિવાસીઓ પર 'કોવિડ-19'ને કારણે પડેલી આર્થિક મુશ્કેલીઓ જાણવી.
- સોનગઢ તાલુકાના ગ્રામીણ આદિવાસીઓ પર 'કોવિડ-19'ને કારણે રોજગારલક્ષી સમસ્યાઓ વિશે જાણવુ.
- સોનગઢ તાલુકાના ગ્રામીણ આદિવાસીઓ પર 'કોવિડ-19'ને કારણે દેવા સંબંધિત બાબતો જાણવી.
- સોનગઢ તાલુકાના ગ્રામીણ આદિવાસીઓ પર 'કોવિડ-19'ને કારણે નાણાંકીય સ્થિતિ પર પડેલ અસરો વિશે જાણકારી મેળવવી.

## ❖ સંશોધન પદ્ધતિ :

- સંશોધન યોજના અને પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ-સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવેલ છે. સંખ્યાત્મક અને ગુણાત્મક એમ મિશ્ર રીતે મૂલ્યાંકન કરી વર્ણનાત્મક સ્વરૂપે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

- *વિસ્તારની પસંદગી :*

સંશોધન માટે સમય અને નાણાકીય મર્યાદાઓને જોતાં માહિતી એકત્રીકરણ માટે પહોંચી વળવાની દ્રષ્ટિએ ગુજરાત રાજ્યની કૂલ આદિજાતિની વસ્તી પૈકી 84% ગ્રામીણ આદિજાતિ વસ્તી ધરાવતા એવા અંતરિયાળ પૂર્વ પટ્ટીના જિલ્લાઓ પૈકી દક્ષિણ ગુજરાતમાં આદિવાસી બહુલ વસ્તી ધરાવનાર તાપી જિલ્લો પસંદ કરવામાં આવ્યો છે.(CENSUS OF INDIA, 2011a)

રાષ્ટ્રીય ખાધાન્ન સુરક્ષા કાયદાના પોર્ટલ અંતર્ગત ગુજરાત રાજ્યના જાહેર વિતરણ પ્રણાલી માટેના રૅશનકાર્ડની યાદી મુજબ તાપી જિલ્લાના 7 તાલુકાઓ પૈકી સૌથી વધુ ગરીબી રેખા નીચે જીવતા (અંત્યોદય/બીપીએલ) કુટુંબો રહેતા હોય તેવા તાલુકાઓ જોતાં સોનગઢ તાલુકો પસંદ કાર્યો છે, જેમાં તે જ મુજબના સૌથી વધુ  વધુ ગરીબી રેખા નીચે જીવતા (અંત્યોદય/બીપીએલ) કુટુંબો રહેતા હોય તેવા ગામો પૈકી 5 ગામોની પસંદગી કરવામાં આવી છે,(iPDS - NFSA, 2023)

NFSA અંતર્ગત તાપી જિલ્લાના BPL એટલે કે Below Poverty Line – ગરીબી રેખા નીચે જીવતા રેશનકાર્ડ ધારક લાભાર્થી કુટુંબોની સંખ્યા 65,742 જેટલી જણાય છે અને તે પૈકી સૌથી વધુ સોનગઢ તાલુકાના 16,679 BPL રેશનકાર્ડ ધારક કુટુંબીજનો જણાય છે.("iPDS - FCSCAD Gujarat - Gamma Server," 2023; National Informatics Centre, Ministry of Electronics & Information Technology, & Department of Food and Public Distribution, 2023)

સોનગઢ તાલુકાના સૌથી વધુ BPL વસ્તી ધરાવતા ગામના ધોરણે ઉતરતા ક્રમે ક્રમશ: (1) માંડળમાં 457, (2) પાંચપીપળામાં 447, (3) સાદડુનમાં 425, (4) રાણીઆંબામાં 415 અને (5) ખાંજરમાં 405 રેશનકાર્ડ ધારક લાભાર્થી કુટુંબો જણાય છે; જે અનુક્રમે આવતા ગામો પસંદ કરવામાં આવ્યા હતા.

- નિદર્શ :

પ્રસ્તુત સંશોધન માટે ઉત્તરદાતાઓની પસંદગી હેતુપૂર્વકની નિદર્શન તકનિક દ્વારા કરેલ છે.

ઉપરોક્ત સમષ્ટિ મુજબ તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તાર વિકાસ પેટા યોજના દ્વારા જાહેર થયેલ સૌથી વધુ ગ્રામીણ ગરીબ એવા સોનગઢ તાલુકાના 5 ગામોની વસ્તી પૈકી ક્રમશ: 50 – 50 એમ કુલ મળીને 250 જેટલા હેતુપૂર્વકના નિદર્શ પસંદ કરેલ છે.

- માહિતીનું પૃથ્થકરણ :

એકત્રિત માહિતીનું સંખ્યાત્મક રીતે વર્ગીકરણ, કોષ્ટકીકરણ, ચાર્ટ્સ-ગ્રાફ્સનું પૃથ્થકરણ કરવા માટે કમ્પ્યુટર આધારિત સોફ્ટવેર્સ દા.ત. એમ.એસ.એક્સેલ, SPSS નો ઉપયોગ કરી ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવશે.

- સંશોધનની મર્યાદા :

- પ્રસ્તુત સંશોધન માત્ર પાંસદગી પામેલ સોનગઢ તાલુકાના 5 ગામો પૂરતું જ મર્યાદિત છે.
- સંશોધન માટે નિર્ધારિત નિદર્શનું કદ અભ્યાસના પરિણામોને મર્યાદિત બનાવે છે.

## ❖ કોરોના વાઈરસ અને 'કોવિડ 19' (COVID-19) એક વૈશ્વિક મહામારી :

'કોવિડ-19' મહામારીએ એ વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. આ મહામારી લગભગ 100 વર્ષ બાદ સ્પેનિશ ફ્લુ બાદ જગતમાં આવી છે. અલબત્ત માનવ ઇતિહાસમાં નજર કરીએ તો વિવિધ પ્રકારની મહામારીઓ ભૂતકાળમાં આવેલી હતી અને લાખો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ભૂતકાળમાં ઓરી, અછબડા, કોલેરા, મેલેરીયા, ટાઇફોડ, શીતળા, કોલેરા, પ્લેગ ટી.બી. જેવા જીવલેણ રોગોએ લાખો લોકોના જીવ લીધા છે. ૨૦મી સદીમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, મેડિકલ સાયન્સમાં ખૂબ જ પરિવર્તન આવ્યું છે. આમ છતાં 'કોવિડ 19'ની મહામારીએ વિશ્વના લાખો લોકોનો જીવ લીધો છે. આ રોગ ખૂબ જ ચેપી છે અને સંપર્કમાં આવનાર વ્યક્તિને તુરંત સંક્રમીત કરે છે. કોરોના વાઇરસ ઉધરસ, છિક તથા માનવ સંપર્કને કારણે સતત ફેલાતો રહે છે. કોઇને ઉધરસ કે છિક આવે અને તેનામાં ચેપ હોય તો તેના 'ડ્રોપલેટ્સ' દ્વારા બીજા વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે. આ સંક્રમણને અટકાવવા સરકારે કેટલાક કડક નિર્ણયો લેવા પડ્યા છે. જેમાં લોકડાઉન, કર્ફ્યુ, સામાજીક, ધાર્મિક તથા રાજકીય મેળાવડાઓ પર પ્રતિબંધ, સામાજીક અંતર જાળવવું વગેરે મુખ્ય છે.

કોરોનાવાયરસ એ વાયરસનું એક મોટું કુટુંબ છે જે સામાન્ય શરદીથી માંડીને વધુ ગંભીર રોગો જેમ કે મિડલ ઇસ્ટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ (MERS) અને સીવિયર એક્યુટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ (SARS) જેવા રોગોનું કારણ બને છે તેમજ પ્રાણીઓ અથવા મનુષ્યોમાં રોગ પેદા કરી શકે છે. COVID-19 એ એક નવો વાયરસ છે જે લોકોને ચેપ લગાડે છે જે ગંભીર શ્વસન બિમારીનું કારણ બની શકે છે. સૌથી તાજેતરમાં ઓળખાયેલ કોરોના વાયરસ રોગ COVID-19 નું કારણ બને છે.(CDC, 2020; Government of India & UNDP, 2021; WHO, 2023a)

2019 માં ચીનના વુહાનમાં નવા કોરોનાવાયરસ (COVID19)ની ઓળખ કરવામાં આવી હતી. તે એક નવો કોરોનાવાયરસ છે જે પહેલા ક્યારેય મનુષ્યોમાં જોવા મળ્યો નથી. nCov નો કોઈપણ ઉલ્લેખ ફક્ત COVID-19 ના સંબંધમાં જ છે, જે તાજેતરમાં શોધાયેલ કોરોના વાયરસ એ ચેપી રોગ છે. CDC, 2020; Government of India & UNDP, 2021; WHO, 2023a)

ઘણા લોકો કે જેઓ COVID-19 થી સંક્રમિત થાય છે તેઓમાં માત્ર હળવા લક્ષણો હશે. પરંતુ પ્રારંભિક સંકેતો એ દિશામાં નિર્દેશ કરે છે કે વૃદ્ધો અને પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તબીબી પરિસ્થિતિઓ ધરાવતા લોકોમાં ગંભીર લક્ષણોનો અનુભવ થવાનું જોખમ વધારે છે. CDC, 2020; Government of India & UNDP, 2021; WHO, 2023a)

## ❖ લોકડાઉન :

સમગ્ર વિશ્વ માટે આ એક નવો રોગ હતો અને વાઇરસથી ફેલાતો હોવાથી તેનો ઇલાજ શોધવો મેડિકલ સાયન્સ અને આધુનિક વિજ્ઞાન માટે ખુબ જ પડકારરુપ હતો સાથે આ વાઇરસને નિયંત્રિત કરી લોકોના જીવ બચાવવા પણ ખુબ જરુરી હતા. ભૂતકાળમાં પણ આવી અનેક ભયંકર આફતો માનવસમુદાય પર આવેલી હતી અને લાખો લોકોએ પોતાના જીવ ગુમાવેલા. ઓરી, અછબડા, કોલેરા, મેલેરીયા, ટાઇફોડ, શીતળા, કોલેરા, પ્લેગ, ટી.બી. જેવા જીવલેણ રોગોએ લાખો લોકોના જીવ લીધા છે. જોકે એ સમયમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, મેડિકલ સાયન્સનો વિકાસ પુરતા પ્રમાણમાં થયો ન હતો પરંતુ આજે ખૂબ જ પરિવર્તન

આવ્યું છે. આમછતાં 'કોવિડ 19'ની મહામારીને કારણે વિશ્વના લાખો લોકોનો જીવ ગયા છે. ખુબ નાની ઉમરના યુવાનો પણ આ રોગનો ભોગ બની પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.

અમેરીકા, ઇટાલી, સ્પેન, ફ્રાંસ, બ્રિટન, જેવા સમૃધ્દ્ તથા વિકસિત દેશોએ સમયસર ઉચિત પગલાં ન લેવાના કારણે આ રોગનો ચેપ ખુબ જ જડપથી આ દેશોમા ફેલાયો અને એટલી મોટી ખાના ખરાબી કરી કે લાશોના ઢગલા ખડકાઇ ગયા. કેટલાઇ સારા ડૉક્ટરો પણ ગુમાવ્યા. આ દેશોની વસ્તી પણ ભારતની સરખામણી એ ખુબ ઓછી હતી તો પણ આવી સ્થિતિ હતી પરંતુ જો ભારત જેવા વિશાળ જન સમુદાય ધરાવતા દેશમાં જો આવુ થાય તો અપણા દેશની સ્થિતિની કલ્પના કરવી પણ મુશ્કેલ થઇ જાય. વિકસિત અને સમ્રુધ્ધ દેશોની સરખામણીએ આપણા દેશમાં અને ખાસ કરીને ગામડાઓમાં આરોગ્યલક્ષી સુવિધઓ ખુબ જ પ્રાથમિક તબક્કામાં છે. ડૉકટરો, દવાખાનાઓ અને પેરામેડીકલ સ્ટાફની ભારે અછત છે. આ સંજોગોમાં ભારતમાં પણ કોરોના મહામારીની અસર શરૂ થઈ પરંતુ ભારત સરકારે 'કોવીડ 19'ની ભયંકર અસરમાંથી બચવા લોકડાઉનનો સહારો લીધો. ભારતમાં કોરોનાની અસર નાબૂદ કરવા અને સંક્રમણ ફેલાતું અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા 25 માર્ચ, 2020ના રોજ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની ઘોષણા કરી. આ લોકડાઉનના કારણે ભારત જેવો  વિશાળ દેશ અચાનક થંભી ગયો.

વૈશ્વિક કક્ષાએ તેને નિયંત્રિત કરવામાં માટે સૌપ્રથમ સંપર્ક ટાળવા વિશ્વના તમામ દેશોએ ‘લોકડાઉન’ કર્યું. જેને પરિણામે જાણે આખી દુનિયા થંભી ગઇ હોય તેમ ઉદ્યોગ, વેપાર, વ્યવસાય, ઉત્પાદન અને વેચાણ, વાહનવ્યવહાર, ધાર્મિક કાર્યક્રમો, રાજકીય સભાઓ, આર્થિક પ્રવૃત્તિઓ, સામાજિક રીત-રિવાજો – બધુ જ બંધ થઈ ગયું. મનુષ્ય બિનજરૂરી ઘર બહાર નીકળતો બંધ થયો તેથી સંપર્ક બંધ થયા.

ભારતમાં માર્ચ 2020 ના લોકડાઉન જાહેર કરવામાં આવેલું જેનાથી કોરોનાવાયરસના ઇન્ફેક્શનથી લોકોને બચાવી શકાયા હતા. અલબત્ત તેની નકારાત્મક અસરો અર્થતંત્ર, ઉદ્યોગો, વેપાર, ઉત્પાદન, રોજગારી, પ્રવાસન ઉદ્યોગ પર થઇ હતી પરંતુ કોરોનાના ચેપને રોકવા લોકડાઉન અનિવાર્ય હતું. 25 માર્ચ, 2020 થી 14 એપ્રિલ, 2020 સુધી ૨૧ દિવસ માટે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકડાઉનની જાહેરાત કરી. તેમાં તેના પછી લોકડાઉનના ત્રણ ગાળાઓ પણ જાહેર કરવામાં આવેલા.

- 15 એપ્રિલ, 2020 થી 3જી મે, 2020.
- 4 may 2020 થી 17 મેં, 2020.
- 18 મેં, 2020 થી 31 મેં, 2020.

ભારતમાં કુલ ૪ તબક્કામાં લોકડાઉન જાહેર કરવામાં આવેલા હતા. તેને કારણે શરૂઆતમાં ચેપનો ફેલાવાને નિયાત્રિત કરી શકાયો. લોકડાઉનના કેટલા ફાયદા અવશ્ય થયા છે. માનવજીવનને બચાવવું તે અન્ય બાબતો કરતાં વધારે અગત્યની બાબત છે.

## ❖ તાપી જિલ્લામાં કોવિડ-19:

તાપી જિલ્લો, ભારતના ગુજરાત રાજ્યમાં આવેલો છે, જેનું અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ પર આધારિત છે. જિલ્લો તેની ફળદ્રુપ જમીનો, વિપુલ પ્રમાણમાં પાણીના સ્ત્રોતો અને અનુકૂળ આબોહવાની પરિસ્થિતિઓ માટે જાણીતો છે, જે તેની કૃષિ ઉત્પાદકતામાં વધારો કરે છે. જિલ્લામાં ઉગાડવામાં આવતા મુખ્ય પાકોમાં કપાસ, ઘઉં, ચોખા, શેરડી, શાકભાજી અને ફળોનો સમાવેશ થાય છે.

તાપી જિલ્લો કોવિડ-૧૯ રોગચાળાથી પ્રભાવિત જિલ્લાઓમાંનો એક છે. જિલ્લા વહીવટીતંત્ર, વિવિધ સરકારી એજન્સીઓ અને હિતધારકો સાથે, વાયરસના ફેલાવાને રોકવા અને નિયંત્રણ કરવા તેમજ અસરગ્રસ્ત લોકોને રાહત અને સહાય પૂરી પાડવા માટે વિવિધ પગલાં લેવાયા.

COVID-19 ટ્રેકર મુજબ, 31 મે 2023 સુધીમાં, જિલ્લામાં કુલ 13,939 ખાતરી થયેલા કેસો, 13,857 પુનઃપ્રાપ્તિ અને COVID-19 ને કારણે 32 મૃત્યુ નોંધાયા છે. જિલ્લામાં રિકવરી રેટ 99.41% અને મૃત્યુ દર 0.23% છે. જિલ્લાએ કોવિડ-19 માટે કુલ 5,09,059 પરીક્ષણો પણ કર્યા છે, જેમાં 2.74% ટેસ્ટ પોઝીટીવીટી દર હતો.

## ❖ સોનગઢ તાલુકાની આર્થિક અને નાણાકીય રૂપરેખા :

### • આર્થિક રૂપરેખા :

સોનગઢ તાલુકાની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ દ્વારા સંચાલિત છે. ફળદ્રુપ જમીન અને અનુકૂળ આબોહવા કપાસ, ઘઉં, મકાઈ અને શાકભાજી જેવા પાકોની ખેતીમાં મદદ કરે છે. તાલુકાના લોકોના આવકના સ્ત્રોત તેમના વ્યવસાય, શિક્ષણ અને સામાજિક દરજ્જાના આધારે બદલાય છે. આવકના મુખ્ય સ્ત્રોતો કૃષિ, પશુપાલન, વેતન મજૂરી, વ્યવસાય, સેવા અને થાપણનું રોકાણ છે. તાલુકામાં માથાદીઠ સરેરાશ માસિક આવક રૂ. 2,057 છે, જે જિલ્લાની સરેરાશ રૂ. 2,232 કરતાં ઓછી છે. (CENSUS OF INDIA, 2011b; VNSGU & Gujarat Social Infrastructure Development Society (GSIDS), 2015; જિલ્લા પંચાયત તાપી-વ્યારા et al., 2021)

તાલુકામાં માથાદીઠ સરેરાશ માસિક ખર્ચ રૂ. 1,728 છે, જે જિલ્લાની સરેરાશ રૂ. 1,822 કરતાં ઓછી છે. (CENSUS OF INDIA, 2011b; VNSGU & Gujarat Social Infrastructure Development Society (GSIDS), 2015; જિલ્લા પંચાયત તાપી-વ્યારા et al., 2021)

તાલુકામાં ગરીબીનું સ્તર ઊંચું છે, જેમાં 38.6% વસ્તી ગરીબી રેખા (BPL) નીચે જીવે છે, જે જિલ્લાની સરેરાશ 33.8% કરતા વધારે છે. BPL વસ્તીમાં મુખ્યત્વે ST (83%), SC (1%), OBC (10%) અને અન્ય (6%)નો સમાવેશ થાય છે. ગરીબીનાં મુખ્ય કારણોમાં ઓછી આવક, સંપત્તિનો અભાવ, દેવાદારી, નિરક્ષરતા, કુપોષણ, નબળું આરોગ્ય અને સામાજિક ભેદભાવ છે. (CENSUS OF INDIA, 2011b; VNSGU & Gujarat Social Infrastructure Development Society (GSIDS), 2015; જિલ્લા પંચાયત તાપી-વ્યારા et al., 2021)

## ❖ ક્ષેત્રકાર્ય દરમ્યાન મેળવેલ પ્રાથમિક માહિતીઓનું પૃથ્થકરણ અને વિશ્લેષણ :

આ અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓ પૈકી બીપીએલ કાર્ડ ધરાવતા 77.2% લોકો હતા. 21.6% ઉત્તરદાતાઓ પાસે અંત્યોદય કાર્ડ હતા. માત્ર 0.8% ઉત્તરદાતાઓ પાસે શ્રમયોગી કાર્ડ હતા જ્યારે, ફક્ત 0.4% ઉત્તરદાતાઓ પાસે એપીએલ કાર્ડ હતા. આ માહિતી આ ગામોમાં ગરીબીનું પ્રમાણ દર્શાવે છે. આકડાઓ દર્શાવે છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ (77.2%) બીપીએલ શ્રેણીમાં આવે છે, જે આ વિસ્તારની ગરીબીનું સૂચન કરે છે.

ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ 85.2% લોકો ખેતી અને પશુપાલન સાથે સીધી કે આડકતરી સંકળાયેલા છે. જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ (96%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (78%) હતી. આ બાબત પણ અહીં બહુ સ્વભાવિક છે કે, ભારતીય ગ્રામીણ સમાજનો રોજગારીનો મુખ્ય આધાર આજે પણ ખેતી, પશુપાલન અને તેને સંલગ્ન વ્યવસાયો છે.

આ મહામારીના સમયમાં સૌથી વધુ મુશ્કેલીઓનો સામનો ગ્રામીણ લોકોને કરવો પડ્યો છે કારણ કે ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારીના સાધનો માર્યાદિત છે. ખેતી અને તેના સંલગ્ન વ્યવસાયો મુખ્ય છે અને આજે પણ વરસાદ આધારીત ખેતી વધુ થાય છે. સિંચાઇની સુવિધાઓ ખૂબ માર્યાદિત છે. ગ્રામીણ સમુદાયોમાં ગરીબો અને વંચિતો વધુ જોવા મળે છે. લોકડાઉન દરમ્યાન સમગ્ર દેશ એકસાથે થંભી ગયો. જેથી સમગ્ર દેશમાં અગત્યની સેવાઓ સિવાય તમામ પ્રવૃત્તિ અને સેવાઓ, વ્યવસાયો બંધ કરી દેવામાં આવ્યા. વાહન વ્યવહાર બંધ થઇ જવાથી ખેડૂતોને ખેત ઉત્પાદન બજાર સુધી પહોંચાડવા મુશ્કેલી ઊભી થઇ. આ બધી પરિસ્થિતિથી ગ્રામીણ સમુદાય પર તેની આર્થિક રીતે કેવી અસર પડી તે જાણવુ સૌથી અગત્યનું હતું.

આર્થિક નુક્સાનના મૂલ્યાંકન માટે અહીં પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, લોકડાઉનના કારણે આપના કુટુંબની આવકમાં કેટલા લોકોમાં ફરક પડ્યો ? આ પ્રશ્નના ઉત્તરમાં 84.4% લોકોની પોતાના કુટુંબની આવકમાં ઘટાડો થયો છે તેવું સ્પષ્ટ જણાવ્યું છે. જ્યારે 15.6% લોકોની આવકમાં કોઇ ફેર પડ્યો ન હતો.

46.4% ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હતો, જેમાં ખાંજર ગામમાં સૌથી ઓછી (24%) અને સાદડુન ગામમાં સૌથી વધુ (62%) હતી. 24.0% ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય બાંધકામ ક્ષેત્રે મજૂરી હતો, જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ (42%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (18%) હતી. 14.0% ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય અન્ય કાર્યો હતો, જેમાં સાદડુન ગામમાં સૌથી વધુ (34%) અને રાણીઆંબા ગામમાં સૌથી ઓછી (12%) હતી. 12.0% ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ઉદ્યોગ હતો, જેમાં પાંચપીપળા ગામમાં સૌથી વધુ (24%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (10%) હતી. 7.2% ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય સેવા હતો, જેમાં રાણીઆંબા ગામમાં સૌથી વધુ (12%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (6%) હતી.

જે ઉત્તરદાતાઓની આવક ઘટી છે તેમાંથી સૌથી વધુ લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે. ખેતી કરતા સૌથી વધુ લોકોની આવક ઘટી છે તેવું આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે. ખેતી અને તેમાં પણ ખાસ કરીને ફળ અને શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને સૌથી વધુ નુકશાન સહન કરવું પડ્યું છે, કારણ કે લોકડાઉનને કારણે ખેડૂત ખેત ઉત્પાદન બજાર સુધી પહોંચાડવા નિષ્ફળ રહ્યો છે, અથવા માર્કેટમાં પહોંચવા છતાં તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. અત્રે અભ્યાસમાં ગ્રામીણ ઉત્તરદાતા પાસેથી જાણવા મળ્યું છે કે શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને તેના ઉત્પાદનના પર્યાપ્ત ભાવ મળતા નથી અને બીજી તરફ શહેરના ઉપભોકતાઓને શાકભાજી ખૂબ મોંઘા મળી રહ્યા છે. અહીં ખૂબ મોટી વિસંગતતા છે કારણ કે ખેડૂતો જે ઉત્પાદન કરે છે તે ખૂબ ઝડપથી નાશ પામે તેવા પ્રકારનું છે. ઉત્તરદાતાઓ પાસેથી મળતી માહિતી મુજબ ખેડૂત પોતે મોટા માર્કેટમાં પોતાનું ઉત્પાદન વેચવા સીધો જતો નથી. કારણ કે તેના ઉત્પાદનનો જથ્થો એટલો મોટો નથી હોતો કે શહેરોના મોટા માર્કેટમાં એ જાતે વેચવા માટે જઇ શકે. આવા સંજોગોમાં ખેડૂત સ્થાનિક વેપારીને પોતાનો માલ વેચે છે અને તે વેપારી આવા અનેક ખેડૂતો પાસેથી માલ ખરીદીને શહેરોના મોટા બજારોમાં વેચે છે. લોકડાઉન દરમ્યાન ખેડૂત જ્યારે વેપારીને પોતાનું ઉત્પાદન વેચવા જાય છે ત્યારે વેપારી ખેડૂતને તેનું ઉત્પાદન માર્કેટમાં વેચાશે તો જ પૈસા મળશે અન્યથા મળશે નહીં તેવું જણાવે છે કારણ કે લોકડાઉનને કારણે ખેત ઉત્પાદનનું વેચાણ ખૂબ જ ઘટી ગયું હતું. મોટા ભાગે વાહન-વ્યવહારના અભાવે ઉત્પાદન બજાર સુધી પહોંચતું નથી પરિણામે ખેત ઉત્પાદન ખરાબ થઇ જાય છે અને ફેંકી દેવું પડે છે. આ તમામ સંજોગોમાં આર્થિક નુકશાન સહન કરવાનો વારો ખેડૂતનો જ આવે છે. એક તરફ ખેડૂતોનો માલ વેચાતો નથી અને બીજી તરફ શહેરના લોકોને મોંઘા ભાવે ખેત ઉત્પાદનો મળે છે. જ્યાં સુધી આ વિસંગતતા દૂર નહીં થાય ત્યાં સુધી ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળશે નહીં. આમના 44.0% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ ખેત ઉત્પાદન બજાર સુધી પહોંચી શક્યા ન હતા, જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ 56% અને માંડળ ગામમાં સૌથી ઓછી 28% હતી

કોરોના મહામારી દરમ્યાન શહેરી અને ગ્રામીણ તમામ લોકો વિવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે દરેક લોકોની મુશ્કેલીઓ અલગ અલગ હોઇ શકે. કોવિડ-19 અને લોકડાઉનને કારણે આવક તો ઘટી પણ આ આવક ઘટવાને કારણે તેમને કેવા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો ? તે પ્રશ્ન કરતા સૌથી વધુ મુશ્કેલી 74.8% ઉત્તરદાતાઓએ ઘરખર્ચ અંગે અનુભવી હતી, જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ (88%) અને પાંચપીપળા ગામમાં સૌથી ઓછી (62%) હતી. લોકડાઉન દરમ્યાન ઘણા સભ્યો અન્ય સ્થળેથી ઘરે આવ્યા અને આ સ્થળાંતર થયેલા સભ્યો ઘરે આવવાથી બોજારૂપ બન્યા હોવાનું 34.8% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું. જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ (40%) અને પાંચપીપળા ગામમાં સૌથી ઓછી (24%) હતી. આવા સભ્યોના કારણે કુટુંબનાં સભ્યોનો ભોજન ખર્ચ વધ્યો હોવાની 38.0% ઉત્તરદાતાઓએ સમસ્યા અનુભવી હતી, જેમાં સાદડુન ગામમાં સૌથી વધુ (44%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (32%) હતી. જ્યારે, 5.6% ઉત્તરદાતાઓએ કોઇ સમસ્યા/મુશ્કેલી ન હોવાનું જણાવ્યું હતું.

કોવિડ-19 અને લોકડાઉનને કારણે લોકોની આવક ઘટી અને તેની સાથે તેમના સંતાનોનું શિક્ષણ પણ બાધિત થયું. મહામારીને કારણે તમામ શિક્ષણ સંસ્થાઓ જેવી કે, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ વગેરે બંધ કરી દેવામાં આવ્યાં છે. કેટલાક વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય બાકી હતું, કેટલાકની પરીક્ષાઓ બાકી હતી અને આવા સમયે શિક્ષણ ઓનલાઈન થયું. આના કારણે લોકોનો શિક્ષણ ખર્ચ વધ્યો. ઓનલાઈન શિક્ષણને કારણે ગ્રામીણ લોકો કેવા ઉપકરણો ખરીધા હતા ? તેના જવાબમાં 32.8% ઉત્તરદાતાઓએ ટેબલેટ/સ્માર્ટફોન ખરીધા હતા, જેમાં રાણીઆંબા ગામમાં સૌથી વધુ (42%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (36%) હતી. 20.8% ઉત્તરદાતાઓએ ઇન્ટરનેટ કનેક્શન/પેકેજ ખરીધા હતા, જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ (26%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (16%) હતી. 14.0% ઉત્તરદાતાઓએ ટીવી અને ડિશ કનેક્શન ખરીધા હતા, જેમાં રાણીઆંબા ગામમાં સૌથી વધુ (22%) અને સાદડુન ગામમાં સૌથી ઓછી (6%) હતી. 4.0% ઉત્તરદાતાઓએ કમ્પ્યુટર (ડેસ્કટોપ/લેપટોપ) ખરીધા હતા, જેમાં ખાંજર ગામમાં સૌથી વધુ (6%) અને માંડળ ગામમાં સૌથી ઓછી (0%) હતી જ્યારે 50.4% ઉત્તરદાતાઓએ કોઈ વધારાનો ખર્ચ કરવો પડ્યો ન હતો, જેમાં માંડળ ગામમાં સૌથી વધુ (60%) અને ખાંજર ગામમાં સૌથી ઓછી (38%) હતી.

કોવિડ-19 દરમિયાન શિક્ષણ માટે ખર્ચ કરેલ સાધનોમાં ટેબલેટ/સ્માર્ટફોન અને ઇન્ટરનેટ કનેક્શન/પેકેજનો સમાવેશ થાય છે. ગરીબ પરિવારોના બાળકો અને ડિજિટલ શિક્ષણ માટે સાધનોની સુવિધાના ના અભાવને કારણે શિક્ષણમાં અસમાનતા વધી હતી.

કોવિડ-19 દરમિયાન લોકો વધારે અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં હોવાથી ઉત્તરદાતાઓને રોજગારી સંદર્ભે  મુશ્કેલી પડી હોય તેમાં 65.2% ઉત્તરદાતાઓએ કોવિડ-19 દરમિયાન કામ અને તેમની રોજગારે સાથે  વળતર/પગાર મેળવ્યું ગુમાવ્યું હતું તેમાં, માંડળ ગામમાં સૌથી વધુ (84%) અને ખાંજર ગામમાં સૌથી ઓછી (52%) હતી. જોકે 58.0% ઉત્તરદાતાઓને કોવિડ-19 બાદ ફરીથી વ્યવસાયને લગતી રોજગારી/કામ માટે બોલાવવામાં આવ્યા હતા, જેમાં માંડળ ગામમાં સૌથી વધુ (70%) અને ખાંજર ગામમાં સૌથી ઓછી (56%) હતી. પોતાની રોજગારી છીનવાઇ જવાના કારણે 64.4% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેમની પ્રવર્તમાન વ્યાવસાયિક રોજગારી/કામ પરિવારનું ગુજરાન ચલાવવા માટે મુશ્કેલી ઊભી થઇ હતી. કોવિડ-19 દરમિયાન ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી પર ગંભીર અસર થઈ હતી. ઘણા લોકોએ કામ ગુમાવ્યું હતું, તેમના પગારમાં ઘટાડો થયો હતો, અને પરિવારનું ગુજરાન ચલાવવા માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

કોરોના દરમિયાન પોતાના કુટુંબનું ભારણ પોષણ કરવા અને પોતાનો વ્યવસાય ફરી ચાલુ કરતી વખતે કુટુંબને અનુભવાયેલ વ્યવસાયને લગતી સમસ્યાઓ અંગે ઉત્તરદાતાઓને પ્રશ્ન કરતાં જાણવા મળ્યું હતું કે વ્યવસાયલક્ષી કામગીરીને લગતા સાધનોની અછત હોવાનું 32.8%, બજારભાવ મળતો ન હોવાનું 32.8% લોકોએ જણાવ્યું હોવાનું, ખેતીના વિવિધ કાર્યો માટે મજૂરો મળતા ન હતા તેવું જણાવનારા 32.4% લોકો હતા. વળતર/વેતન મળવાની અનિયમિતતા હોવાનું 30.0% જણાવ્યું હતું. 20% કુટુંબોને કામનું સ્થળ બંધ રહેવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો. આ ઉપરાંત 20% કુટુંબોને કોઇ સમસ્યાનો અનુભવ થયો નહોતો (20%).

કોવિડ-19 દરમિયાન ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં વ્યવસાયો ફરી શરૂ કરવામાં આવી રહ્યા હતા ત્યારે કુટુંબોને અનુભવાયેલ મુશ્કેલીઓનું ચિત્ર દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે મોટાભાગના કુટુંબોને કામગીરી, બજાર અને મજૂરી સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ઘણા કુટુંબોને પૂરતું વળતર/વેતન મળવામાં પણ મુશ્કેલી પડી હતી.

ગામ દ્વારા વિશ્લેષણ દર્શાવે છે કે માંડળ ગામમાં સૌથી વધુ સમસ્યાઓનો અનુભવ થયો હતો, જ્યારે ખાંજર ગામમાં સૌથી ઓછી સમસ્યાઓનો અનુભવ થયો હતો. આ ભિન્નતા ગામના કદ, આર્થિક વિકાસ અને કુટુંબોની વ્યવસાયિક પ્રવૃત્તિઓ પર આધારિત હોઈ શકે છે.

લોકડાઉન દરમિયાન અન્ય સ્થળે ફસાયેલ ગામના લોકો કેવી કેવી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતાં હતા તે જાણવાનો પ્રયત્ન આ અભ્યાસ દરમ્યાન કરવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ મુશ્કેલી રહેઠાણની સંબધિત મુશ્કેલી પડી હોવાનું 41.6% લોકોએ જણાવ્યું હતું જ્યારે નાણાંની મુશ્કેલી પડી હોવાનું 28.4% લોકોએ જણાવ્યું હતું. લોકડાઉનની સ્થિતિ અને કોવિડ-19 સંબધિત સૌથી વધુ સમસ્યા આર્થિક ક્ષેત્રે થઇ હતી. જેમાં ધંધા, રોજગાર, ઉદ્યોગો, બજારો બંધ હોવાથી પોતાની રોજગારી છૂટી ગઈ હતી અને તેને કારણે તેની અસર સીધી તેમની અને તેમના કુટુંબની આવક પર થઇ હોવાનું જણાય છે.

કોરોના અને લોકડાઉની સીધી અસર લોકોની રોજગારી ઉપર પડી, ચાલુ વ્યવસાયો બંધ થયા આના કારણે લોકો આર્થિક સંકડામણમાં અનુભવવા હતા. લોકોના ખર્ચા એટલાજ હતા કે ઘણા કારણો જેવાકે ઓનલાઈન એજ્યુકેશનના સાધનો ખરીદવા, આરોગ્યના કારણે ખર્ચ વધી ગયો. આ બધા કારણોથી લોકોએ દેવું કરવું પડ્યું. ઉત્તરદાતાઓને અહી પૂછવામાં આવ્યું હતું કે તમારે દેવું કરવાની જરૂરિયાત ઊભી થઇ હતી ? આ પ્રશ્ન પ્રત્યુત્તરમાં 58.8% લોકોને દેવું કરવું પડ્યું હતું જ્યારે, 41.2% લોકોએ કોઇ દેવું લીધું ન હતું. દેવાના કારણોનું વર્ગીકરણ કરીએતો બાળકોનું શિક્ષણ માટે 20% લોકોએ, 21.2% લોકોએ બાળકોના ઓનલાઈન ક્લાસ માટે નવો મોબાઈલ ખરીદવા અને 27.6% લોકોએ આરોગ્ય અને સારવાર માટે દેવું કરવાની જરૂરિયાત પડી હતી. 12.4% લોકોએ ધંધા-ઉદ્યોગ/વ્યવસાય માટે દેવું લીધું હતું.

આ કોષ્ટક ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં લોકોની આર્થિક સ્થિતિ પર કોવિડ-19 અને લોકડાઉનની અસરનું ચિત્ર દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે મોટાભાગના લોકોએ બાળકોના શિક્ષણ, મોબાઈલ અને આરોગ્ય સારવાર માટે દેવું લીધું હતું. આ ચિંતાજનક છે કારણ કે તે દર્શાવે છે કે આ મુખ્ય ખર્ચાઓ માટે લોકો પૈસા ઉભા કરવા માટે દેવા પર આધાર રાખે છે.

ગામ દ્વારા વિશ્લેષણ દર્શાવે છે કે ખાંજર ગામમાં દેવાનું પ્રમાણ સૌથી વધુ હતું, જ્યારે માંડળ ગામમાં સૌથી ઓછું હતું. આ ભિન્નતા ગામના કદ, કૃષિ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, અને રોજગારીની તકો પર આધારિત હોઈ શકે છે.

## ❖ અભ્યાસના મુખ્ય તારણો :

આ અભ્યાસના મુખ્ય તારણો નીચે મુજબ છે.

- ભારતમાં કોરોનાની અસર ખાળવા અને સંક્રમણ ફેલાતું અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા 25 માર્ચ, 2020 ના રોજ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની ઘોષણા કરી.
- આ અભ્યાસમાં ગુજરાત રાજ્યના, તાપી જીલ્લાના, સોનગઢ તાલુકાના પાંચ ગામોના કુલ 250 ગ્રામીણ ઉત્તરદાતાઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.
- આ અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓ પૈકી બીપીએલ કાર્ડ ધરાવતા 77.2% લોકો હતા.
- ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ 85.2% લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે.
- 44.0% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ ખેત ઉત્પાદન બજાર સુધી પહોંચી શક્યા ન હતા.
- સૌથી વધુ મુશ્કેલી 74.8% ઉત્તરદાતાઓએ ઘરખર્ચ અંગે અનુભવી હતી.
- સ્થળાંતર થયેલા સભ્યો ઘરે આવવાથી બોજારૂપ બન્યા હોવાનું 34.8% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું.
- કોવિડ-19 અને લોકડાઉનને કારણે 65.2% ઉત્તરદાતાઓએ કામ અને તેમની રોજગારે સાથે વળતર/પગાર મેળવ્યું ગુમાવ્યું હતું.
- કોવિડ-19 અને લોકડાઉનને કારણે નાણાંની મુશ્કેલી પડી હોવાનું 28.4% લોકોએ જણાવ્યું હતું.
- કોવિડ-19 અને લોકડાઉનને કારણે 58.8% લોકોને દેવું કરવું પડ્યું હતું.

- બાળકોના શિક્ષણ માટે 20% લોકોએ માટે, 21.2% લોકોએ બાળકોના ઓનલાઈન ક્લાસ માટે નવો મોબાઈલ ખરીદવા અને 27.6% લોકોએ આરોગ્ય અને સારવાર માટે દેવું કરવાની જરૂરિયાત પડી હતી.

## ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન દ્વારા વૈશ્વિક મહામારી કોરોના (કોવિડ-19)ની વિશ્વવ્યાપી અસરો જેટલી ગંભીર રીતે તમામ માનવ સમુદાયને થઇ છે, તેમાં દરેક પાસાં જોતાં નબળા વર્ગો વધારે ગંભીર રીતે અસરગ્રસ્ત જણાય છે. ગુજરાત રાજ્યના તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના આદિવાસીઓ હોય; તેમની આર્થિક સ્થિતિ અન્ય માનવસમાજમાં સૌથી નબળી જોવા મળે છે, ત્યારે પ્રસ્તુત સંશોધન દ્વારા જાણવા મળ્યા મુજબ કોરોના મહામારીએ તેમણે ઢંઢોળી મૂક્યાં છે. તેઓએ રોજગારીના સાધનો ગુમાવવા પડ્યા છે અને રોજગારી પણ. કોવિડના નિયંત્રણો હોવા છતાં તેઓએ દૂર-દૂર સ્થળાંતર કરવું પડ્યું છે, કામ મેળવવાનો પ્રયત્ન કરતાં રહેવું પડ્યું છે. પરંતુ ના છૂટકે કામ બંધ રહેતાં મૂળવતન પાછાં ફરવું પડ્યું છે. ઘણે અંશે રહેઠાણ, ખોરાક, સાબુ, માસ્ક જેવી જીવન જરૂરી અને સ્વાસ્થ્ય સંબંધિત સાધનોની અનુપલબ્ધિ અને અછત અનુભવી છે. શિક્ષણ મેળવવાથી પણ વંચિત રહ્યા છે. શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ મેળવવા માટે દેવું કરવું પડ્યું છે. સર્કરશ્રીના પ્રયાસો છતાં, કોવિડ-19 અને તે માટેના નિયત્રં પેટે લોકડાઉને દરમિયાન આદિવાસીઓની સ્થિતિ દયનીય બની હતી એવું જાણી શકયું છે.

## ❖ સંદર્ભસૂચિ :


1. Aarogya Setu, G. of I. (2021, June 19). Aarogya Setu—COVID-19 Updates. Retrieved June 19, 2021, from Aarogya Setu website: https://aarogyasetu.gov.in/
2. Brooks, N. (2003). Vulnerability, Risk and Adaptation: A Conceptual Framework. *Tyndall Centre for Climate Change Research, Working Paper No, 38*.
3. CDC. (2020, February 11). COVID-19 and Your Health. Retrieved March 20, 2024, from Centers for Disease Control and Prevention website: https://www.cdc.gov/coronavirus/2019-ncov/symptoms-testing/symptoms.html
4. Census India 2011. (2023). Songadh Taluka Population, Religion, Caste Tapi district, Gujarat—Census India. Retrieved June 5, 2023, from Www.censusindia.co.in website: https://www.censusindia.co.in/subdistrict/songadh-taluka-tapi-gujarat-3944
5. CENSUS OF INDIA, D. of C. O., Gujarat. (2011a). Census tables | Government of India. Retrieved March 14, 2024, from https://censusindia.gov.in/census.website/data/census-tables
   6. CENSUS OF INDIA, D. of C. O., Gujarat. (2011b). *DISTRICT CENSUS HANDBOOK - TAPI : VILLAGE AND TOWN DIRECTORY 2011*. Newe Delhi: DIRECTORATE OF CENSUS OPERATIONS GUJARAT, Census of India, Government of India. Retrieved from https://censusindia.gov.in/nada/index.php/catalog/420/download/1328/DH_2011_2426_PART_A_DCHB_TAPI.pdf
6. Furukawa, A., & Ohta, Y. (2009). Failure process of masonry buildings during earthquake and associated casualty risk evaluation. *Natural Hazards*, *49*(1), 25–51. https://doi.org/10.1007/s11069-008-9275-x

7. Goswami, P. J. (2021). ભારતીય અર્થવ્યવસ્થા અને COVID – 19. *GAP Bhasha - A MULTILINGUAL JOURNAL OF RESEARCH*, *II*(II), 1–4. Retrieved from https://www.gapbhasha.org/res/articles
8. Government of India, M. of E. & I. T., & UNDP. (2021). CoWIN. Retrieved March 20, 2024, from https://www.cowin.gov.in/

8. iPDS - FCSCAD Gujarat—Gamma Server. (2023). Retrieved March 4, 2023, from https://ipds.gujarat.gov.in/
10. iPDS - NFSA, G. of G. (2023). Godown Stock Position. Retrieved June 15, 2023, from https://ipds.gujarat.gov.in/netPDS/GOD/frm_GOD_StockPosition.aspx?GOD=aIxCNhC17nrTeJ9pFRXbPw==.
11. Koryo Tours. (2022, January 3). List of Countries Without Coronavirus | JANUARY 2022. Retrieved May 19, 2023, from https://koryogroup.com/blog/are-there-countries-without-coronavirus
12. MoHFW, G. of I. (2020). *जन-सामान्य के लिए कोविड-19 के बारे में विस्तृ त प्रश्न और उत्तर.* FAQ. Retrieved from National Health Authority, M. of H. and F., Govt. of India, & UNDP. (2022, December 5). CoWIN Dashboard. Retrieved December 5, 2022, from CoWIN Dashboard website: https://dashboard.cowin.gov.in/
13. National Health Mission, Gujarat. (2022, September 13). Health Facilities in State | NHM. Retrieved June 15, 2023, from Health Facilities in State | NHM website: https://nhm.gujarat.gov.in/health-facilities-in-state.htm
14. National Informatics Centre, Ministry of Electronics & Information Technology, G. of I., & Department of Food and Public Distribution, G. of I. (2023, June 3). NFSA. Retrieved June 4, 2023, from NFSA website: https://nfsa.gov.in/portal/Ration_Card_State_Portals_AA
15. Sen, A. (1999). *Development as freedom*. Oxford University Press. Retrieved from https://books.google.com/books/about/Development_as_Freedom.html?id=JcOFAAAAIAAJ
16. Vasava. (2023, June 4). District Health Society-Tapi—RCH Reports 2022-23. Retrieved June 4, 2023, from https://sites.google.com/view/districthealthsociety-tapi/reports/rch-reports-2022-23
17. VNSGU, P. T., & Gujarat Social Infrastructure Development Society (GSIDS). (2015). *District Human Development Report—Tapi*. VNSGU - Surat: Gujarat Social Infrastructure Development Society General Administration Department (Planning) Government of Gujarat (GSIDS). Retrieved from Gujarat Social Infrastructure Development Society General Administration Department (Planning) Government of Gujarat (GSIDS) website: https://www.im4change.org/docs/7718-Tapi_DHDR_May_2016.pdf
18. Westen, C. van. (2018, June). CHARIM Caribbean Handbook on Risk Information Management. Retrieved May 24, 2023, from Academia.edu website: https://www.academia.edu/26878634/CHARIM_Caribbean_Handbook_on_Risk_Information_Management_National_scale_landslide_susceptibility_assessment_for_Saint_Vincent
19. WHO. (2016). कोविड-19 का परिचय और फैब्रिक मास्क और मेडिकल मास्क(कपड़े का मास्क और चिकित्सा मास्क) कैसे पहनें : / Introduction to COVID-19 and how to wear fabric and medical masks: Videos in Indian Sign Language. Retrieved May 19, 2023, from OpenWHO website: https://openwho.org/courses/intro-to-COVID-19-indian-sign-language
20. WHO. (2022, July 22). Global COVID-19 Vaccination Strategy in a Changing World: July 2022 update. Retrieved May 21, 2023, from https://www.who.int/publications/m/item/global-covid-19-vaccination-strategy-in-a-changing-world--july-2022-update
21. WHO. (2023a). Coronavirus disease (COVID-19). Retrieved March 20, 2024, from https://www.who.int/news-room/questions-and-answers/item/coronavirus-disease-covid-19

22. WHO. (2023b). COVID-19 vaccines. Retrieved May 21, 2023, from https://www.who.int/emergencies/diseases/novel-coronavirus-2019/covid-19-vaccines
23. WHO. (2023c, May 17). WHO Coronavirus (COVID-19) Dashboard. Retrieved May 21, 2023, from WHO Coronavirus (COVID-19) Dashboard website: https://covid19.who.int
Wikipedia. (2023). COVID-19 lockdowns by country. In *Wikipedia*. Retrieved from https://en.wikipedia.org/w/index.php?title=COVID-19_lockdowns_by_country&oldid=1151961733#References
24. જિલ્લા પંચાયત તાપી-વ્યારા, જિલ્લા આંકડા અધિકારી, જિલ્લા પંચાયત તાપી-વ્યારા, જિલ્લા વિકાસ અધિકારી, & જિલ્લા પંચાયત તાપી-વ્યારા, પ્રમુખ. (2021). *જિલ્લા પંચાયત, તાપી—વ્યારા: જિલ્લા સામાજીક-આર્થિક સમીક્ષા વર્ષ: ૨૦૨૧-૨૨*. વ્યારા: જિલ્લા પંચાયત, તાપી - વ્યારા. Retrieved from જિલ્લા પંચાયત, તાપી - વ્યારા website: https://tapidp.gujarat.gov.in/Tapi/documents/Social%20samixa%202022.pdf
25. સોનગઢ તાલુકા પંચાયત. (2021, March 31). Retrieved June 3, 2023, from https://tapidp.gujarat.gov.in/gu/taluka/Sonagadh/home